એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ
(એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિ. સાથે 4થી ડિસેમ્બર, 2023ના રોજ અમલ સાથે સમાઈ જવા દ્વારા વિલીનીકરણની રીતે એકીકરણની યોજના હેઠળ અગાઉની એલ&ટી ફાઈનાન્સ લિ.)
નોંધણીકૃત કાર્યાલય: એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલય: સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ-હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે"** અને **"જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ-હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ-ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં)	13.12.2023ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. પટેલ જિગ્નેશ 2. પટેલ હેમાલી	મિલકતનું સરનામું: શોપ નં. એસ-12, બીજો માળ, ક્ષેત્ર 55.20 ચો.મી. સુપર બિલ્ટ અપ એરિયા અને 28.29 ચો.મી. બિલ્ટ અપ એરિયા સાથે 'કોરલ પેલેસ"ની જમીનમાં અવિભાજિત હિસ્સો, જૂનો મહેસૂલી સર્વે નં. 111/2, ન્યૂ બ્લોક નં. 155, ક્ષેત્ર હેક્ટર 0-50-59 ચો.મી., ટી.પી.એસ. સ્કીમ નં. 9 (પાલનપુર-ભેસાન), આખરી પ્લોટ નં. 59, ક્ષેત્ર 3542 ચો.મી., મૌજે પાલનપુર, જિલ્લો સુરત, ગુજરાત- 395 009.	H142730 90721030 938 અન H142730 90721025 343 & SRTHL200 00031	7મી નવેમ્બર, 2023	₹1,78,008/-	₹62,23,362.82/-	₹17,80,080/-	18-01-2024	22.01.2024ના રોજ સવારે 11.00 કલાકે
	મિલકતનું સરનામું: શોપ નં. એસ-13, બીજો માળ, ક્ષેત્ર 55.19 ચો.મી. સુપર બિલ્ટ અપ એરિયા અને 26.00 ચો.મી. બિલ્ટ અપ એરિયા સાથે 'કોરલ પેલેસ"ની જમીનમાં અવિભાજિત હિસ્સો, જૂનો મહેસૂલી સર્વે નં. 111/2, ન્યૂ બ્લોક નં. 155, ક્ષેત્ર હેક્ટર 0-50-59 ચો.મી., ટી.પી.એસ. સ્કીમ નં. 9 (પાલનપુર-ભેસાન), આખરી પ્લોટ નં. 59, ક્ષેત્ર 3542 ચો.મી., મૌજે પાલનપુર, જિલ્લો સુરત, ગુજરાત- 395 009.	H142730 90721030 938 & H142730 90721025 343 & SRTHL200 00031	7મી નવેમ્બર, 2023	₹ 1,62,960/-	₹62,23,362.82/-	₹16,29,600/-	18-01-2024	22.01.2024ના બપોરે 1.00 કલાકે

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ-હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/ બિડરોએ **20/01/2024**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **22.01.2024**ના રોજ 18.00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **23.01.2024**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75 % ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરે: અધિકૃત અધિકારી, એટલે કે, **"નામ - પીયુષ પટેલ, સંપર્ક નં. 9925111077, એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, ઓફિસ: 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098" અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, ઓફિસ: 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098"** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ-હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/ રદ કરી શકે છે અથવા ઈ-હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ-હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ-હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ વતી

તારીખ: 18.12.2023
સ્થળ: સુરત

"બેટી બચાવો, બેટી પઢાવો" કાર્યક્રમ અંતર્ગત આહવા માધ્યમિક શાળામા સેમિનાર યોજાયો

(ડાંગ માહિતી બ્યુરો): આહવા: તા: ૧૭: ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, આહવા તથા દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આહવા ખાતે આવેલ સરકારી માધ્યમિક શાળામા "બેટી બચાવો, બેટી પઢાવો" થીમ ઉપર જાગૃતિ સેમીનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેમિનારમા મહિલા અને બાળ અધિકારીની કચેરીની ????ની ટીમના શ્રીમતી મર્યમબેન ગામિત દ્વારા વિધ્યાર્થીનીઓને ગુડ ટચ, બેડ ટચ વિશે માહિતી આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના શ્રીમતી સંગીતાબેન દ્વારા કચેરીની મહિલાલક્ષી કામગીરી તેમજ સંસ્થાકીય કામગીરીથી બાળકીઓને વાકેફ કરવામાં આવી હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈન કાઉન્સેલર દ્વારા ટીમની કામગીરી વિષે માહિતી આપી હતી. તેમજ સમાજના દરેક વર્ગ સુધી માહિતી પહોચાડી જિલ્લાની દરેક મહિલાઓને અભયમ ટીમનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. પ્રોબેશન ઓફિસર શ્રી નિકોલસભાઈ દ્વારા પોસ્કો એક્ટ વિશેની માહિતી આપવામા આવી હતી. તેમજ ????ની ટીમ દ્વારા સ્વાસ્થ અંગેની જાણકારી આપવામા આવી હતી. આ કાર્યક્રમમા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીના કર્મચારીઓ, શાળાના આચાર્યશ્રી શિક્ષકો, તેમજ વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

(ડાંગ માહિતી બ્યુરો): આહવા: તા: ૧૭: ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમા જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.કે.મકવાણાની ઉપસ્થિતિમા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમા આહવા અને વઘઈ ખાતે આવેલ ગોડઉનમા ઉપલબ્ધ જથ્થાની ચર્ચા કરી લક્ષિત વિતરણ વ્યવસ્થા યોજના અન્વયે ?રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩? હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુંટુબોને મળવા પાત્ર જથ્થાની સમિક્ષા કરવામા આવી હતી. ડાંગ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કરવામા આવતી આવશ્કય ચીજવસ્તુઓનુ વિતરણ

જે સરેરાસ ૯૫ થી ૯૭ ટકા આધારિત વિતરણ કરવામા આવે છે. તેમજ જિલ્લામા થયેલ ગ્રાહક સુરક્ષાના કેસોની સમિક્ષા કરવામા આવી હતી. આ બેઠકમા વાજબી ભાવની દુકાનોના આગેવાનો તેમજ સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે રાજ્યમાં ૨ લાખથી વધુ શિક્ષકોએ લીધી કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન - CPR તાલીમ

ડાંગના ૨ હજારથી વધુ શિક્ષકોએ કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન - તાલીમ અપાઇ

ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલ રહ્યા ખાસ ઉપસ્થિત

કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન- તાલીમ કોઇપણ વ્યક્તિ લઇ શકે છે - શ્રી વિજયભાઇ પટેલ

(ડાંગ માહિતી બ્યુરો): આહવા: ૧૭: સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે આજરોજ રાજ્યભરમા ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન- તાલીમ આપવામાં આવી રહી છે, ત્યારે ડાંગ જિલ્લામાં પણ ૨ હજારથી વધુ શિક્ષકોને આ તાલીમથી સુસજ્જ કરવામાં આવી રહ્યા છે, તેમ ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલે આહવા ખાતે જણાવ્યું હતું.

હાર્ટ એટેકની ઘટનાઓની પરીસ્થિતીને ધ્યાને લેતા, કોઇ પણ આકલ્થિક સંજોગોમા અણબનાવની ઘટના બને ત્યારે, કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન- તાલીમ ખુબ જ ઉપયોગી સાબીત થશે. બાળકોને શાળાઓમા અથવા ગામમા આવી ઘટના બને ત્યારે તાલીમ મેળવેલા શિક્ષકો તાત્કાલિક તેને આપી શકે છે, તેમ શ્રી વિજયભાઇ પટેલે જણાવ્યુ હતુ. કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-ની તાલીમ કોઇપણ સામાન્ય વ્યક્તિ લઇ શકે છે. શિક્ષકો તાલીમ મેળવીને ગામના દરેક વ્યક્તિને આ તાલીમ વિશે જાણ કરે, તેમજ આકલ્થિત સંજોગોમા લોકોને આ તાલીમ ખુબ જ ઉપયોગી નિવડશે તેમ શ્રી વિજયભાઇ પટેલે વધુમા જણાવ્યુ હતુ. આહવાની સરકારી માધ્યમિક શાળા ખાતે યોજાયેલ તાલીમમા સુરત સિવિલના એચ.ઓ.ડી. શ્રીમતી ડો.પારૂલ તેમજ તેમની ટીમ દ્વારા, ડાંગ જિલ્લાના પ્રાથમિક શાળાના ૧૭૦૦ થી વધુ તેમજ માધ્યમિક શાળાના ૩૫૦ થી વધુ શિક્ષકોને આ તાલીમ આપવામાં આવી હતી. સામાન્ય રીતે હૃદયનો હૂમલો આવવાથી ૧૦૮ ને ત્વરીત બોલાવતા ૫ થી ૧૦ મિનિટનો સમય જતો હોય છે. તે ૫ થી ૧૦ મિનિટ દરમિયાન મગજ સુધી લોહી ના પહોંચે તો દર્દીનું મૃત્યુ થતુ હોય છે. આવુ ન થવા દેવા માટે આ ટ્રેનીંગ અત્યંત મહત્વની છે, તેમ તજજ્ઞો ડોક્ટરો દ્વારા જણાવાયુ હતુ. આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે યોજાયેલા આ તાલીમ કાર્યક્રમના શુભારંભ અવસરે, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિજયભાઇ દેશમુખ, પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી નરેન્દ્રભાઇ ઠાકરે, શિક્ષણ નિરિક્ષકશ્રીઓ, સી.આર.સી, બી.આર.સી, આચાર્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા ઉમરપાડા તાલુકાના ચીમીપાતલ,નવા ચકાગામના ગ્રામવાસીઓ

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ

સુરત: કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના ઉમરપાડા તાલુકાના ચીમીપાતલ, નવાચકરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરાઇ વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

જેમાં ચીમીપાતલ અને નવાચકરા ગામના ખેતી નિયામકશ્રી ડો. પુષ્પકાન્તભાઇ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પોષણ અભિયાન, પી.એમ.જે.વાય, સખી મંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે ચીમીપાતલ,નવાચકરા ગામે સુરત જિલ્લા કારોબારી અધ્યક્ષશ્રી રાજુભાઇ વસાવા,પૂર્વ તાલુકા પ્રમુખશ્રી શારદાબેન, કારોબારી અધ્યક્ષશ્રી ગુલાબભાઇ વસાવા, સરપંચ શ્રી વિજયભાઇ, પાર્વતીબેન ડી વસાવા, સંગઠનના મહામંત્રીશ્રી અર્જુનભાઇ, શ્રી હેમુભાઇ, ઉપપ્રમુખશ્રી કરમસિંગભાઇ વસાવા,તા. પં.પ્રમુખ ગુલાબભાઇ,તલાટી શ્રી રાજેશ ભાઇ,ગ્રામ સેવક મનીષભાઇ તેમજ આંગણવાડી વર્કર,તેડાગર અન્ય વિભાગ ના અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **ફરીદાબાનુ મોહમ્મદ સોઈબ ફારૂકી** હતું જે નામ બદલીને નવું નામ **ફરીદાબાનુ મોહમ્મદ શોયભ ફારૂકી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ફરીદાબાનુ મોહમ્મદ શોયભ ફારૂકી
સરનામું : એફ - ૩૦૩ એ એલ- તાવક્કલ રેસીડેન્સી,કોપરલી રોડ, હુસ્સાની મસ્જિદ પાસે, ગોદાલ નગર, વાપી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **વૈશ્નાણી જયશ્રીબેન દિલીપભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **વૈશ્નાણી જયશ્રી દિલીપ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: વૈશ્નાણી જયશ્રી દિલીપ
સરનામું : રેલ્વે ગરનાળા પાસે, મેઈન રોડ, મોગરાવાડી, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મોહમ્મદ સોઈબ ફારૂકી** હતું જે નામ બદલીને નવું નામ **મોહમ્મદ શોયભ ફારૂકી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: મોહમ્મદ શોયભ ફારૂકી
સરનામું : એફ - ૩૦૩ એ એલ- તાવક્કલ રેસીડેન્સી,કોપરલી રોડ, હુસ્સાની મસ્જિદ પાસે, ગોદાલ નગર, વાપી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **અબદુલ મજીદખાન અબદુલ હમિદખાન** હતું જે નામ બદલીને નવું નામ **અબદુલ મજીદ અબદુલ હમિદ ખાન** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: અબદુલ મજીદ અબદુલ હમિદ ખાન
સરનામું : સી-૧-૨૦૧, ડ્રીમ સિટી, જામા મસજીદ પાસે, ડુંગરા, વાયા વાપી, ડી. વલસાડ

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પંકજકુમાર કનુભાઈ રામોલિયા** હતું જે નામ બદલીને નવું નામ **પંકજ કનુભાઈ રામોલિયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: પંકજ કનુભાઈ રામોલિયા
સરનામું : ૫૪, નિર્મલ નગર સોસાયટી, સરથાણા, જકાતનાકા, સામે, સુરત સીટી- ૩૯૫૦૦૬

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **સના પરવીન જાવેદ ખાન** હતું જે નામ બદલીને નવું નામ **સનાપરવીન જાવેદખાન પઠાણ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: સનાપરવીન જાવેદખાન પઠાણ
સરનામું : ૨૫૦, મિયા સ્ટ્રીટ, ડાભેલ, ડાભેલ, નવસારી, ગુજરાત- ૩૯૬૪૧૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **ધણીબેન ધીરુભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **ભાનુબેન ધીરુભાઈ પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ભાનુબેન ધીરુભાઈ પટેલ
સરનામું : ૩૨, પટેલ ફળિયા, ખજૂરડી, તા. જી. વલસાડ, પીન નં- ૩૯૬૦૦૧, ગુજરાત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પટેલ સમીરકુમાર પંકજભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **પટેલ સમીર પંકજકુમાર** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: પટેલ સમીર પંકજકુમાર
સરનામું : એ-૨૦૧, મોનાકે રેસિડેન્સી, રાજહંસ પ્લેટીનીયમ પ્લાજાની પાસે, ન્યૂ એલ.પી. સવાણી વિદ્યાલય, પાલનપોર કેનાલ રોડ, અડાજણ, સુરત સીટી, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૯

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **સંદિપકુમાર ગોવિંદભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **સંદીપભાઈ ગોવિંદભાઈ પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: સંદીપભાઈ ગોવિંદભાઈ પટેલ
સરનામું : ૨૧૮, પાંચીયા ફળીયા, વાયા વાપી, મુ.પો. વટાર, જિલ્લો, વલસાડ

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **વિજયસિંગ રમેશસિઘ પરીહાર** હતું જે નામ બદલીને નવું નામ **વિજયસિંગ રમેશસિંગ પરીહાર** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: વિજયસિંગ રમેશસિંગ પરીહાર
સરનામું : ૪૦૨-કિશન.કો.ઓ.હા. સો., હનુમાન મંદિર સામે, દેસાઈવાડ, વાપી, જિલ્લો, વલસાડ